# અમદાવાદમાં ૭૫૦થી વધુ દિવ્યાંગ ભાઈ-બહેનોએ સાઈલન્ટ યોગા નિદર્શન કરી વૈશ્વિક ઈતિહાસ રચ્યો છે

## ગીનીઝ વર્લ્ડ ઓફ રેકોર્ડની ટીમે યોગા નિદર્શનનું પરિક્ષણ કર્યુ

અમદાવાદ, તા. ૨૧
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે વિશ્વ યોગ દિવસની ઉજવણી સંદર્ભે અમદાવાદ સ્થિત જી.એમ.ડી.સી. કન્વેન્શન હોલ ખાતે દિવ્યાંગજનોના યોગ નિદર્શનમાં



ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ દિવ્યાંગોને પ્રેરણા આપતા કહ્યું કે, યોગ, વ્યક્તિના માનસિક શારીરિક આત્મિક વિકાસનો સમન્વય છે. તેમણે ગુજરાતમાં આ વિશેષ યોગ પ્રયોગને નવી પહેલ ગણાવતા ઉમેર્યું કે, સ્વસ્થ તંદુરસ્ત જીવનની આ ભારતીય વિરાસતનો હવે વિશ્વ આખાએ સ્વીકાર કર્યો છે ત્યારે ગુજરાત યોગના વ્યાપક પ્રચાર પ્રસારથી એમાં પણ અગ્રેસર રહેશે.

પોતાની શારીરિક ક્ષતિઓ બાવજુદ પણ ઉમંગભેર સહભાગી થયેલા ૭૫૦થી વધુ દિવ્યાંગ ભાઈ બહેનોને પ્રેરણા પ્રોત્સાહન આપવા શ્રીમતી અંજલિબહેન રૂપાણી પણ મુખ્યમંત્રી સાથે ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આજે અમદાવાદ ખાતે અનોખો વિશ્વ ઈતિહાસ રચાયો. આજે વિશ્વ યોગ દિવસે ૭૫૦થી વધુ દિવ્યાંગ ભાઈ-બહેનોએ સાઈલન્ટ યોગા નિદર્શન કરી વૈશ્વિક ઈતિહાસ રચ્યો છે. આ સાઈલન્ટ યોગા નિદર્શનમાં તમામ દિવ્યાંગ બાળકોને હેડફોનથી સુસજ્જ કરવામાં આવ્યા હતા અને તેને બ્લ્યુ ટુથથી જોડવામાં આવ્યા હતા. જેમાં હેડફોનમાં સંભળાતા માર્ગદર્શન અનુસાર યોગ નિદર્શન એક સાથે કર્યા હતા. જેનાથી મુખ્યમંત્રી પ્રભાવિત થયા હતા.

કાર્યક્રમ સમાપ્ત થયા પછી મુખ્યમંત્રીએ દિવ્યાંગ ભાઈ-બહેનો સાથે સ્નેહસભર સંવાદ કર્યો હતો. આ યોગા નિદર્શનનું પરિક્ષણ કરવા માટે ગીનીઝ વર્લ્ડ ઓફ રેકોર્ડની ટીમ પણ આવી હતી.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલા આ વિશેષ યોગ નિદર્શનમાં દિવ્યાંગ યોગ સાધકોએ પોતાની સાંકેતિક ભાષામાં યોગ પ્રશિક્ષકના માર્ગદર્શનમાં યોગાસનો કર્યા હતા.



# મોઢેરાના સૂર્યમંદિરમાં સૂર્યનમસ્કાર

મહેસાણા જિલ્લાનુ ઐતિહાસિક મોઢેરા સુર્યમંદિર અને આપણી પૌરાણિક યોગ વિરાસતનો અનોખો સંગમ સર્જાયો હતો. મોઢેરા સુર્યમંદિરના પ્રત્યેક પત્થરો યોગના રંગે રંગાઈ ગયું હતું. યોગ દિવસની ઉજવણી અંતર્ગત જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ બાળકો અને યોગ ગુરૂઓએ અદભૂત યોગાસનો કરી જનતાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સુપ્રસિધ્ધ સુર્યમંદિરના સાનિધ્યમાં સુર્યની આરાધના કરતા સુર્યનમસ્કાર અને યોગ નિદર્શનના કાર્યક્રમે લોકોને રોમાંચિત કર્યા હતા. વિશ્વભરમાં બેનમુન સ્થાપત્યનુ ગૌરવ પ્રાપ્ત ઐતિહાસિક ઇમારત સુર્યમંદિરમાં યોગ નિર્દશનના કાર્યક્રમમા તલસ્પર્ષી બાબતોનુ ધ્યાન રાખી યોગ દિવસને યાદગાર બન્યો હતો. મોઢેરા સુર્યમંદિર ખાતે યોજાયેલ યોગ નિદર્શન કાર્યક્રમમાં ૪૫૦ માધ્યમિકના વિધાર્થીઓ અને ૩૫૦ પ્રાથમિક શાળાના વિધાર્થીઓએ ભાગ લીધો હતો. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે, મોઢેરા સુર્યમંદિરમાં હજારો વર્ષ જુનો શિલ્પ સ્થાપત્યનો વારસો જળવાયેલો છે. મોઢેરાના સૂર્યમંદિરનો સુર્યકુંડ એ માત્ર મોઢેરાના સુર્યમંદિરમાં જ જોવા મળતો અલભ્ય સુર્યકુંડ છે. આ સુર્યકુંડની પાળે યોગ નિદર્ષનનો અદભૂત નઝારો યોજાયો હતો. મહેસાણા જિલ્લાના મોઢેરા સુર્યમંદિર ખાતે યોગ દિવસની ઉજવણી કરાઇ હતી. સુપ્રસિધ્ધ સુર્યમંદિરના સાનિધ્યમાં સુર્યની આરાધના કરતા સુર્યનમસ્કાર અને યોગ નિદર્શનનો કાર્યક્રમો યોજાયો હતો. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમગ્ર વિશ્વમાં બેનમુન સ્થાપત્ય ઐતિહાસિક વારસો જાળવતા સુર્યમંદિરમાં યોગ નિર્દશનનો સફળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## ગુજરાત સુથાર સમાજના હોદ્દેદારોની વરણી



સમગ્ર ગુજરાત સુથાર સમાજ તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી સુથાર સમાજની રાજ્યકક્ષાની બેઠક મળી હતી. જેમાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી, ઉપ-પ્રમુખ ડાહ્યાભાઈ ગજ્જર, ઉપપ્રમુખ દિનેશચંદ્ર સુથાર તથા મંત્રી તરીકે ચંદ્રકાંત મિસ્ત્રી સર્વાનુમતે વરણી પામ્યા છે.

આ સંસ્થા રાજયસ્તરે નોંધણી કરાવી છેલ્લા ૨૪ વર્ષથી સંગઠનનું કામ કરે છે.




મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજી ની ઉપસ્થિતિમા અમદાવાદ ખાતે ૭૫૦ થી વધુ દિવ્યાંગ ભાઈ-બહેનોએ સાઈલન્ટ યોગા નિદર્શન કરી વૈશ્વિક ઈતિહાસ રચ્યો હતો આ કાર્યક્રમ ને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા આંતર રાષ્ટ્રીય રેકોર્ડમા સ્થાન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અમદાવાદ કલેક્ટર શ્રી વિક્રાંત પાંડે , શ્રી અંજલીબેન રૂપાણી સાથે દિવ્ય અશ્વિનભાઈ ત્રિવેદીએ ઉપસ્થિત રહીને વિશ્વવિક્રમનું નિરીક્ષણ કર્યું હતું .શ્રી સંતોષ શુક્લાજી અને અશ્વિનભાઈ ત્રિવેદીએ વિશ્વવિક્રમ બદલ શ્રી રૂપાણીસાહેબને અભિનંદન પાઠવ્યા હતા.

# મેઘરજના રમાડ ગામે ચેકડેમ બાંધવામાં સરકારી તંત્ર ઉણુ ઉતરતા લોકોએ શ્રમયજ્ઞ દ્વારા ચેકડેમ બનાવવા કવાયત

મેઘરજ, તા. ૨૧
રવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા સહીત જિલ્લાના મોટા



ભાગના અંતરિયાળ ગામોમાં સિંચાઈની કોઈ સુવિધા નથી. ચોમાસામાં વરસાદી પાણી નદીઓમાં વહી જાય છે ત્યારે ચેકડેમમાં પાણી સંગ્રહ થાય તો કૂવા રીચાર્જ થાય અને ખેડૂતોને લાભ થઈ શકે તે માટે તાલુકાના રમાડ અને આસપાસના ખેડૂતોએ નદીમાં ચેકડેમ બાંધવા સરકારમાં વારંવાર રજુઆતો કરી હતી. પરંતુ જળ સંચયના કાર્યક્રમો કરતા નેતાઓ કે અધિકારીઓ સુધી પ્રજાનો અવાજ ના પહોંચતાં આખરે લોકોએ જાતે ચેકડેમ બાંધવાનો શરૂ કરી દીધો છે. રાજસ્થાનને અડીને આવેલ અરવલ્લીના રમાડ ગામે આસપાસના ગામોના લોકો શ્રમદાનમાં જોતરાઈને સરકારની મદદની આશા છોડી દઈ ચેકડેમ બાંધવા કામે લાગી ગયા છે.

ચોમાસામાં વહી જતુ પાણી સંગ્રહ થાય તે માટે આખા રાજ્યમાં જળ સંચય યોજનાના નામે કાર્યક્રમો કરાયા છે. રાજ્યમાં ૧૩ હજારથી વધુ તળાવો ઉંડા કરાયાનો દાવો પણ કરવામાં આવ્યો છે. પરંતુ સરકારની સુફિયાણી વાતો વચ્ચે જળ સંગ્રહ માટે સરકારની મદદ ન મળે અને ચેકડેમ બાંધવા લોકોને જાતે કામે લાગી જવુ પડે તેનાથી બીજી લાચારી કઈ હોય ? અરવલ્લીના મેઘરજ તાલુકામાં આવેલ અને રાજસ્થાન નજીકના રમાડ, નીલકંઠ, નાની પંડુલી જેવા ગામોને સિંચાઈની સુવિધા મળી શકે, બોર અને કૂવા રીચાર્જ થઈ શકે તે માટે નદીમાં ચેકડેમ બાંધવા સરકારમાં રજુઆતો કરવામાં આવી હતી. અનેકવાર અંતરિયાળ વિસ્તારના આ લોકોએ સરકાર અને અધિકારીઓ સમક્ષ પોતાની આપવીતી જણાવી રાજસ્થાનમાંથી આવતુ વરસાદી પાણી નદીમાં વહી જાય તેના કરતાં ચેકડેમ બાંધવામાં આવે તો આ વિસ્તારના ૨૦૦થી વધુ ખેડૂતોને લાભ થઈ શકે તેમ હોય તેવી રજુઆતો કરી હતી. પરંતુ ચેકડેમ માટે કોઈ જ પગલાં ન ભરાતાં આખરે રમાડ,નિલકંઠ સહિતના ગામોના લોકોએ નદી ઉપર જાત મહેનતથી ચેકડેમ બાંધવાનુ શરૂ કરી દીધુ છે. છેલ્લા ચારેક દિવસથી આ વિસ્તારના ૪૦થી વધુ લોકો સુકીભઠ્ઠ નદીમાં આખો દિવસ મહેનત કરીને ખોદકામ કરી રહ્યા છે અને ચોમાસુ શરૂ થાય તે પહેલાં ચેકડેમના પાયા નીકળી જાય તે રીતે મહેનત કરી રહ્યા છે. આ અંગે આ વિસ્તારના આગેવાનોએ જણાવ્યુ હતુ કે, સરકારે અમારી કોઈ જ વાત ના સાંભળતાં આખરે જાતે ચેકડેમ બાંધી પાણીનો સંગ્રહ કરવાની ફરજ પડી છે. આ વિસ્તારોમાં પાણીની વિકટ સમસ્યા છે.

### રમાડ ગામના ગ્રામજનોના સહયોગમાં સેવાકીય સંસ્થાઓની મદદ : સંસ્થાઓએ લોખંડ, સિમેન્ટની મદદ કરી

અંતરિયાળ વિસ્તારના લોકોની સમસ્યા મામલે સરકારે હાથ અધ્ધર કરી લેતા લોખંડ અને સિમેન્ટની મદદ કરી છે. જ્યારે ચેકડેમ બાંધવાની મજુરી ગામલોકો જાતે કરી રહ્યા છે. રમાડ નજીકથી પસાર થતી નદીમાં ચેકડેમ બાંધવા આ વિસ્તારની પંચાયતોએ ઠરાવો કરી સરકારમાં રજુઆતો કરી છે પરંતુ જળ સંચયના કાર્યક્રમો કરતી સરકારે અંતરિયાળ વિસ્તારના લોકોની આપવીતી સાંભળી ન હતી.






ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડિટ સોસાયટી લિ.ની ડિરેકટર માટેની ચૂંટણી આજે નવા સચિવાલય બ્લોક નં. ૬ ખાતે યોજાઈ હતી. સવારના ૧૦ થી ૬.૧૦ કલાક દરમિયાન કુલ ૧૪૭૦ મતોમાંથી ૧૦૭૮ મતદારોએ મતદાન કર્યું હતું. સરેરાશ ૭૩.૩૩ ટકા મતદાન આ ચૂંટણીમાં થયું હતું. ઉમેદવારોમાં પણ ચૂંટણીને લઈ ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો હતો.

## જન્મદિને વધામણી



**આલોક**
**પ્રફુલકુમાર પરમાર**

## રક્તદાન મહાદાન

# મોડાસા કશ્યપ સોસાયટીમાં ડોર ટુ ડોર કલેક્શન કરતુ વાહન અને સફાઈ કામદારો ન આવતા કચરાના ઢગ ખડકાયા

મોડાસા, તા. ૨૧
મોડાસા શહેરમાં સ્વચ્છતા અભિયાન કાગળ પર હોય તેવું શહેરીજનો અહેસાસ અનુભવી



રહ્યા છે. મોડાસા શહેરમાં ડોર ટુ ડોર કલેક્શન કરતા વાહનો અને સફાઈ કામદારો મનમાની ચલાવતા હોય તેવી અનેક બૂમો ઉઠવા પામી છે. મોડાસાની કશ્યપ સોસાયટીમાં સફાઈ કરતા કર્મચારી એક મહિનાથી ન ફરકતા અને ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરતુ વાહન પણ કેટલાય દિવસોથી આવતું ન હોવાથી સોસાયટીમાં કચરા અને ગંદકીના ઢગ ખડકાતા રહીશોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. સોસાયટીના રહીશો દ્વારા નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરી સમસ્યાનો ઉકેલ નહિ આવેતા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

મોડાસા શહેરની કશ્યપ સોસાયટીમાં છેલ્લા એક મહિનાથી નગરપાલિકાના સફાઈ કામદાર ફરજ પર ન આવતા અને અગાઉ પણ અનિયમત સફાઈ કરવામાં આવતા સોસાયટીના માર્ગો ઉપર ઠેર ઠેર કચરાના ઢગલા અને ગંદકી જોવા મળી રહી છે. ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરતુ વાહન પણ વીસેક દિવસથી કચરો લેવા ન આવતા સોસાયટીમાં નર્કાગાર જેવી સ્થિતીનું નિર્માણ થતા સોસાયટીના રહીશોની હાલત કફોડી બનતા અને સફાઈ કામદાર અગાઉ પણ અનિયમિત સફાઈ કરતા હોવાની રજુઆત નગરપાલિકા તંત્રમાં કરતા યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવતા રહીશોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

સોસાયટીના જાગૃત નાગરિકો દ્વારા સોસાયટીમાં સફાઈ કામગીરી હાથ ધરવા અને સફાઈ કામદાર અને કચરો કલેક્ટ કરતુ વાહન નિયમિત સોસાયટીમાંથી કચરો લેવા માટે આવે તેવી લેખિત રજુઆત નગરપાલિકા ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખ અને જીલ્લા કલેક્ટરને જાણ કરી યોગ્ય ન્યાયની માંગ કરી હતી. આગામી સમયમાં તેમની સમસ્યા હલ નહિ થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## અટકાયત

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોઈન્ટ રેજિસ્ટેન્સ લીડરશીપ (જેઆરએલ)ના બેનર હેઠળ ગુરુવારે હડતાળ પર ઉતરવાની જાહેરાત કરી હતી. સુજાત બુખારી અને તેમના બે ખાનગી સુરક્ષા કર્મીઓની ૧૪ જૂને ગોળીમારી હત્યા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દિવસથી કેન્દ્રીય ગૃહમંત્રાલયે ઈદ બાદ ખીણમાં યુદ્ધવિરામ વધારવાનો ઈન્કાર કરી દીધો હતો. પવિત્ર રમઝાન મહિના દરમિયાન યુદ્ધવિરામની જાહેરાત છતાં આતંકવાદી હુમલાઓમાં ૨૬૫ ટકાની વૃદ્ધિ થઈ હતી. આજ કારણથી યુદ્ધવિરામનો મોદી સરકારનો નિર્ણય ટિકાના ઘેરમાં આવી ગયો હતો. વિદ્ધવિરામ પૂર્ણ થયા બાદ હવે આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, ખીણમાં આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશનમાં ગતિ આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં વધતા જતાં ત્રાસવાદી હુમલા, પથ્થરબાજીની ઘટનાઓ અને સરહદ ઉપર અવિરત ગોળીબારના દોર વચ્ચે ભાજપે આજે પીડીપી સરકારને પોતાનું સમર્થન પરત લઈ લીધું હતું. આની સાથે જ રાજ્યના છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા ભાજપ અને પીડીપી વચ્ચેના ગઠબંધનનો અંત આવી ગયો હતો. મુખ્યમંત્રી મહેબુબા મુફતીના નેતૃત્વમાં પીડીપી અને ભાજપ સરકાર છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહી હતી પરંતુ આજે ગઠબંધનનો અંત આવ્યો હતો. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ રાજયપાલ એનએન વોરાને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. પરિષદ યોજીને ભાજપના જનરલ સેક્રેટરી રામમાધવે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં તેની ગઠબંધન સરકાર સાથે ચાલવાની બાબત ભાજપ માટે ખુબ જ મુશ્કેલરુપ બની ગઈ હતી જેથી અમે ટેકો પાછો ખેંચી લીધો છે. ભાજપના નેતાએ કહ્યું હતું કે, આતંકવાદ, હિંસા અને કટ્ટરવાદમાં વધારો થઈ રહ્યો છે. નાગરિકોના મૂળભૂત અધિકારો ખીણમાં મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. સુજાત બુખારીની હત્યા પણ એક દાખલા તરીકે છે. તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર સરકારમાં ભાજપના તમામ મંત્રીઓ રાજીનામુ આપી રહ્યા છે.

## હત્યાની ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે, રાજ્યમાં રાજ્યપાલ શાસન અમલી છે. તેમણે કહ્યું હતું કે, સંબંધિત ઓથોરિટી અને ગવર્નરને આ અંગેની માહિતી આપી દીધી છે. છેલ્લા કેટલાક સમયથી આ પ્રકારની ધમકી મળી રહી છે. એટલું જ નહીં આજે પણ ધમકીભર્યો કોલ કરાંચીથી આવ્યો હતો. રવિન્દ્ર રૈના થોડાક સમય પહેલા જ જમ્મુ કાશ્મીર ભાજપના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. રૈના તેમના પાકિસ્તાન વિરોધી નિવેદનબાજી અંગે જાણિતા છે. માનવામાં આવી રહ્યું છે કે, મહેબુબા સરકારમાંથી ટેકો પાછો ખેંચવાની રણનીતિમાં રૈનાની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

## હાજર ન રહ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી નીતિશ કુમાર સહિત જેડીયુના કોઈપણ નેતા તેમાં સામેલ થયા નહતા. પટનાના પાટલિપુત્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી મંગલ પાંડે દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ, રામકૃપાલ યાદવ અને રાજયના ડેપ્યુટી સીએમ સુશીલ કુમાર મોદીએ ભાજપના તમામ નેતાઓ સાથે યોગાભ્યાસ કર્યો હતો. યોગ દિવસ પર સીએમ નીતિશ કુમારની ગેરહાજરી ઉડીને આંખે વળગી રહી હતી ત્યારે ડેપ્યુટી સીએમ સુશીલ કુમાર મોદીએ જણાવ્યું કે યોગ દિવસ નીમિત્તે કાર્યક્રમમાં સીએમ અને અન્ય જેડીયુ નેતાઓ સામેલ ના થયા તેના પર વિવાદ નિરર્થક છે. તેમણે જણાવ્યું કે, 'હું એવા કેટલાક લોકોને જાણું છું, જેમણે જેડીયુ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં હાજરી આપી હોય. શું જેડીયુ અને આરજેડીના કોઈ નેતા યોગ નહીં કરતા હોય, પરંતુ જરૂરી નથી કે દરેક લોકો યોગ દિવસના સમારંભમાં હાજર રહે. નાહકનો વિવાદ ઊભો કરાઈ રહ્યો છે.

## માધ્યમિકને અગ્રતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડ્રોપઆઉટ રેસિયો હોવા છતાં મા. શિક્ષણ પર જ વધુ ફોકસ કરવા પાછળનો ઉદ્દેશ્ય સમજાતો નથી તેવા અણિયાળા સવાલો શિક્ષણપ્રેમીઓ કરી રહ્યા છે.

શહેરમાં આ વખતના પ્રવેશોત્સવમાં પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશપાત્ર બાળકો ૮૬૫ છે જેમાં ૪૬૮ કુમાર અને ૩૯૭ કન્યાઓનો સમાવેશ થાય છે. જ્યારે ધો. ૯માં પ્રવેશપાત્ર બાળકો ૨૮૬૮ કુમાર અને ૧૯૯૪ કન્યા મળી ૪૮૬૨ બાળકો જણાયા છે.

જિલ્લામાં ધો. ૯માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૦,૬૬૫ છે. આ વખતે શહેરી વિસ્તારમાં પ્રવેશોત્સવ ૭૭ પ્રા. શાળા અને ૫૮ મા. શાળાઓમાં મળી કુલ ૧૩૫માં જ યોજવાના છે. જિલ્લા તંત્ર દ્વારા આ માટે ૨૪ રૂટ તૈયાર કરવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

આમ ગાંધીનગર શહેર સહિતના રૂટની સરેરાશ ગણીએ તો ૫૨૫ બાળકોની આવે છે જેનાથી શિક્ષણપ્રેમીઓમાં નિરાશા વધુ જોવા મળી રહી છે.

## આજથી પ્રવેશોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થી ૧૪ ની વયજુથના તમામ બાળકોને પણ પુન : પ્રવેશ આપવામાં આવશે. શાળાના ભૌતિક અને સામાજિક વિકાસમાં સમાજની ભાગીદારી વધારવા તેમજ પુરુષ અને સ્ત્રી સાક્ષરતા દર વચ્ચેનો તફાવત દુર કરવા શાળા પ્રવેશોત્સવની કામગીરીને વધુ અસરકારક બનાવાશે. પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડીના બાળકોને રમકડાની કીટનુ પણ વિતરણ કરવામાં આવશે. કન્યા કેળવણી અંગે જાગૃતિ કેળવવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવશે. જયારે ધો-૩ થી ૮ માં પ્રથમ ક્રમે ઉત્તિર્ણ થનારા વિદ્યાર્થીઓનુ સન્માન પણ કરવામાં આવશે.

## હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"એકદમ સાચી વાત છે..! યોગ.... સહયોગ... સંયોગ... આ બધાજ આપણી સંસ્કૃતિના મૂળભૂત તત્વો છે..! એને ઉજાગર કરવા આપણી નૈતિક જવાબદારી છે..! આવો આપણે સૌ યોગને જીવનનો સંસ્કાર બનાવી દઈએ..!" "હા... સાહેબ...હા..! યોગઃ કર્મસુ કૌશલમ્..."